## @ગાંધીનગર

● છેલ્લા ૨૦ વર્ષથી 'ગાંધીનગર સમાચાર'માં સુપ્રભાતમ્ કોલમ થકી સાતત્યપૂર્ણ સર્જનાત્મકતાનું સર્જન કરનાર સર્જક સુરેશ પ્રા. ભટ્ટનું પૂ.ગુરૂમા સમાનંદજીની પાવન ઉપસ્થિતિમાં સે-૧૭ સ્ટાફ ટ્રેનિંગ કોલેજના હોલ ખાતે બપોરે ૪.૦૦ કલાકે અભિવાદન કરાશે.

● શહેરના મહત્મા મંદિર ખાતે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા 'કૌશલ્ય વિકાસ અને રોજગારી' વિષય પર આંતરરાષ્ટ્રીય સેમિનાર સવારે ૯.૩૦ કલાકે યોજાશે.

# શહેરના જેનરીક સ્ટોરમાં દવાની તંગી

ગાંધીનગર, તા.૨૩

રાજયના પ્રજાજનોને સસ્તી અને ગુણવત્તાવાળી દવાઓ મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા તાજેતરમાં રાજયભરમાં સરકાર દ્વારા ૫૨ દિનદયાળ જન ઔષધિ સ્ટોરનો પ્રારંભ કરાયો છે. ત્યારે ગાંધીનગર મેડીકલ કોલેજ સંકુલમાં પણ જેનરીક દવાનો સ્ટોર ખુલ્લો મુકવામાં આવ્યો છે. પરંતુ આ સ્ટોરના પ્રારંભને ગણતરીના દિવસો થયા છે ત્યાં જ સ્ટોરમાં ડાયાબીટીસ, બ્લડપ્રેશર,શરદી, તાવ, વિટામીન સહિતની દવાઓ ઉપલ્બધ નથી. દર્દીઓ તેમજ સ્વજનોને માત્ર સ્ટોરનો આંટો મારીને સંતોષ માનવો પડે છે. દર્દીઓને ના છુટકે મેડીકલ સ્ટોરમાંથી કચવાતા મને મોંઘીદાટ દવા ખરીદવાનો વારો આવે છે. જન ઔષધિ સ્ટોરને પ્રારંભ થયાને માંડ ૧૦ દિવસ થયા છે છતા અગત્યની દવાઓ જ હાજર સ્ટોકમાં ન રહેતા દર્દીઓ નારાજ થયા છે. ત્યારે જેનરીક દવાના સ્ટોરમાં દવાની તંગી ઝડપી દુર થાય તેવી માંગ લાભાર્થીઓમાં ઉઠવા પામી છે.

રાજયના નાગરીકોના આરોગ્યની ચિંતા સતત રાજય સરકાર કરી રહી છે. પ્રજાજનો માટે વિવિધ યોજના થકી છેવાળાના માનવી સુધી આરોગ્યની યોજના પહોંચે તે માટે સતત આરોગ્ય વિભાગ પ્રયત્નશીલ છે. ત્યારે સરકાર દ્વારા દર્દીઓને અને નાગરીકોને સસ્તી દવા મળે તેવા ઉમદા હેતુથી દિનદયાળ જનઔષધિ સ્ટોર રાજયમાં ૫૨ જગ્યાએ ખુલ્લા મુકવામાં આવ્યા છે. આ સ્ટોરમાં કરાર આધારીત ડાયાબિટીસ, બ્લડ પ્રેસર, શરદી, તાવ, વિટામીન સહિતની બિમારીની અંદાજે એક હજાર જેટલી દવાઓ રાખવાની હતી. પરંતુ ગાંધીનગરના




જેનરીક સ્ટોરમાં દવાની તંગી હોવાથી દવા માટે દર્દીઓને રાહ જોઈને બેસી રહેવુ પડે છે. તેમજ જેનરીક દવા ન મળતા આખરે ખાનગી મેડીકલમાંથી મોંઘીદાટ દવા લેવી પડે છે. ગાંધીનગર મેડીકલ કોલેજ સંકુલમાં કાર્યરત જેનરીક સ્ટોરમાં દવાની તંગીને પગલે સ્ટોર માત્ર શોભાના ગાંઠીયા સમાન લાગી રહ્યો છે. ત્યારે શહેરના જેનરીક સ્ટોરમાં દવાની તંગી સત્વરે દુર થાય તેવી માંગ લાભાર્થીઓ કરી રહ્યા છે.

## વાતવાતમાં

● શહેરની એક ખાનગી હોસ્પિટલમાં કેન્યાનો દર્દી થાપાના ઓપરેશન માટે આવ્યો હતો. પરંતુ નોટબંધીના કારણે તેને સારવાર મળી શકી નહોતી. આ યુવાન પાસે માત્ર ડોલર જ હતા જેને કોઈએ પણ એક્ષચેન્જ ના કરી આપતા તે સારવારથી વંચિત રહી જવા પામ્યો હતો.

● શહેરના ચ રોડ પર ટ્રાફિક ખાતાના સરકારી બાઈક પર પસાર થઈ રહેલા બે ટ્રાફિક કોન્સ્ટેબલ્સને અચાનક સે-૭/૮ના ક્રોસિંગે આવી ગયેલા બાઈક સવારને કારણે સજ્જડ બ્રેક મારવી પડી હતી. આ બ્રેકને કારણે બંને ટ્રાફિક જવાનોએ સંતુલન ગુમાવતા પડી જવા પામ્યા હતા પરંતુ સદભાગ્યે કોઈને ઈજા થઈ નહોતી.

● શહેરમાં નોટબંધીની ઘેરી અસર લગ્નસમારંભો પર વર્તાઈ રહી છે. લગ્ન પ્રસંગોમાં ચાંલ્લો લખવા બેસતા યજમાનો કવરમાં આવતો ચાંલ્લો મહેમાનની રૂબરૂમાં જ તુરંત જ ખોલી તેમાં ૫૦૦/૧૦૦૦ની નોટ તો નથીને તેની ખાત્રી કરી લેવાનું મુનાસિબ માની રહ્યા છે.

## અખિલ આંજણા સેવા મંડળ સંચાલિત સંસ્થાઓનો નામાભિધાન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૨૩

માણસાના અખિલ આંજણા સેવા મંડળ દ્વારા અંગ્રેજી અને ગુજરાતી માધ્યમની કેજીથી ધો-૧૨ સુધીની શિક્ષણ સંસ્થાઓ ચલાવાય છે. સંસ્થા દ્વારા વિશાળ જગ્યામાં સુંદર સંકુલ તૈયાર કરવામાં આવ્યું છે. સંકુલમાં તમામ સંસ્થાઓ દાતાઓના દાન થકી વિકસાવવામાં આવી હોવાથી સંસ્થાઓને દાતાઓના નામ સાથે જોડવા આગામી જાન્યુઆરી માસમાં નામાભિધાન સમારોહ યોજવાનું આયોજન કરાઈ રહ્યું છે.

# સે-૩માં દબાણકારો પર મનપાનું બુલડોઝર

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર મહાનગર પાલિકાની દબાણ ટીમે આજે સેકટર-૩માંથી ૫૦ થી વધુ ઝુંપડાઓનું દબાણ દુર કર્યુ હતું. અચાનક દબાણ ટીમ સેકટરમાં દબાણકર્તાઓ પર ત્રાટકતા દબાણકારોમાં ફફળાટ ફેલાયો છે. ત્યારે આગામી સમયમાં પણ સેકટરોમાં ઝુંપડા તેમજ લારી-ગલ્લાના દબાણકારો પર દબાણટીમનું બુલડોઝર ફરી વળશે.

ગાંધીનગર શહેરમાં દબાણોનો રાફડો ફાટ્યો છે. નગરમાં રાત્રે ના વધે તેટલા દબાણો દિવસે વધી રહ્યા છે. શહેરના માર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર લારી ગલ્લા તેમજ ઝુંપડાના અઢળક દબાણો ઉભા થયા છે. દબાણ ને પગલે નાગરીકો હેરાન પરેશાન થઈ ગયા છે. લારી-ગલ્લાના ઉભા થયેલા દબાણ પાસે અસામાજીક પ્રવૃતિઓ પણ ધમધમી રહી છે. ત્યારે દબાણ હટાવની કામગીરી મનપા દ્વારા તેજ



કરી દેવાઈ છે. શહેરમાં ઠેકેઠેકાણેથી દબાણ હટાવામાં આવી રહ્યું છે. મનપાના દબાણ ટીમના અધિકારી મહેશ મોડના જણાવ્યા મુજબ છેલ્લા ઘણા સમયથી નગરના સેકટોરમાંથી લારી-ગલ્લા તેમજ ઝુંપડાનું દબાણ હટાવામાં આવી રહ્યા છે. જેને અનુલક્ષી આજે સેકટર-૩માંથી ૫૦ થી વધુ ઝુંપડાના દબાણ હટાવાયા હતા. તેમજ આગામી સમયમાં પણ આ કામગીરી શરુ રહેશે. ત્યારબાદ સેકટરોમાં તેમજ સર્કલો પર અડીંગા નાંખીને વર્ષોથી ચીપકેલા લારી-ગલ્લાના દબાણો દુર કરવામાં આવશે. સેકટર- ૩ પછી સેકટર- ૨ અને ૧ માંથી ઝુંપડાના દબાણો દુર કરવામાં આવશે તેમ મનપાના દબાણ અધિકારીએ જણાવ્યું હતું.

## મધ્યસ્થ ગ્રંથાલય ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી

ગાંધીનગર, તા.૨૩

મધ્યસ્થ ગ્રંથાલય ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી ૧૫ નવેમ્બરથી ૨૦ નવેમ્બર દરમિયાન કરવામાં આવી હતી.

જેમાં ૧૫ થી ૧૭ નવેમ્બર સુધી સ્પર્ધાત્મક પરીક્ષા અને સામાન્ય જ્ઞાનને લગતા પુસ્તકોનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. જેનો યુવા વાચકોએ લાભ લીધો હતો. ૧૭મી નવેમ્બરના રોજ સામાન્ય જ્ઞાન આધારિત ક્વિઝ સ્પર્ધા અને ૧૮મી નવેમ્બરે રંગોલી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૯ નવેમ્બરના રોજ બાળ વાચકો માટે શ્રૃત લેખન તથા દેશ ભક્તિ ગીતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ૨૦મીએ ૯૦ ટકા રાહત દરે જુના સામયિકોના વેચાણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો અને ૨૧મીએ તમામ સ્પર્ધામાં ભાગ લીધેલ વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વિવિધ સ્પર્ધામાં ભાગ લેનારા તમામ સ્પર્ધકોને ઈનામ પણ આપવામાં આવ્યા હતા અને ભાગ લેનાર સર્વેને ગ્રંથાલયનો મહત્તમ ઉપયોગ કરી સભ્ય બની વાંચનની ટેવ, ઘડતર અને પ્રેરણાના પ્રોત્સાહન પુરા પાડવામાં આવ્યા હતા.

# પેથાપુરમાં સ્થિત ૨૨ વર્ષિય યુવાનનું શંકાસ્પદ મૃત્યુ

**ઘરથી થોડે દુરથી બેભાન હાલતમાં પડેલા દિકરા પર પિતાનું ધ્યાન પડયુ હતુ: હોસ્પિટલ લઈ જવાયેલા દિકરાને તબિબે મૃત જાહેર કર્યો**

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક પેથાપુર ગામમાં દવે વાસમાં રહેતા ૨૨ વર્ષિય યુવાનનું શંકાસ્પદ મૃત્યુ થતા પેથાપુરમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. પિતા મોડી સાંજે ઘરેથી નિકળ્યા ત્યારે ઘરથી થોડે દુર ૨૨ વર્ષિય દિકરાને બેભાન હાલતમાં પડેલો જોતા ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી હોસ્પિટલ લઈ જવાયો હતો. તબિબે મૃત જાહેર કરતા સન્નાટો છવાઈ ગયો હતો. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ કરાવી વધુ તપાસ શરુ કરી છે. મૃત્યુનુ કારણ હજુ બહાર આવ્યુ નથી. પોસ્ટમોર્ટમ રિપોર્ટ એફ.એસ.એલ રિપોર્ટ પર પેન્ડીંગ રાખવામાં આવ્યો છે.

પેથાપુર ગામનાં દવે વાસમાં રહેત રમેશભાઈ દવે સોમવારે મોડી સાંજે પોતાના ઘરેથી બહાર નિકળ્યા ત્યારે ઘરથી થોડે જ દુર તેમના ૨૨ વર્ષિય દિકરા ધવલને બેભાન હાલતમાં પડેલો જોઈ ચોંકી ગયા હતા. તાત્કાલીક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવીને દિકરા ધવલને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. ફરજ પરનાં તબિબે ધવલ મૃત હોવાનું જાહેર કરતા પિતાના પગ તળેથી તો જાણે જમીન સરકી ગઈ હતી. મૃત્યુ કયાં કારણોસર થયુ તે રહસ્ય હજુ અકબંધ છે. ધવલનાં શરીરે ઈજાઓનાં નિશાન તો ન હતા. પરંતુ તબિબોનાં મત મુજબ ૨૨ વર્ષનાં યુવાનને હાર્ટ એટેકની શક્યતા પણ નહિવત છે. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ કરાવીને વિસેરાનાં સેમ્પલ લઈ પોઈઝનની ચકાસણી અર્થે એફ.એસ.એલ ખાતે સેમ્પલ મોકલી આપ્યા છે. એફ.એસ.એલનાં રિપોર્ટ પર તબિબોએ પોસ્ટમોર્ટમનો રિપોર્ટ પેન્ડીંગ રાખ્યો છે. પી.એમ રિપોર્ટ આવ્યા બાદ મૃત્યુનું ચોક્કસ કારણ બહાર આવશે. પેથાપુર પોલીસ મથકનાં જમાદાર નરેન્દ્રભાઈએ ગુનાની વધુ તપાસ શરુ કરી છે.

# પ્રાંતિયાનાં ખેડુતની પાંચ વિઘા જમીન પચાવી પાડવાનો કારસો રચાયો

**બોગસ બાનાખત તૈયાર કરી બે શખ્સો ખેડુતને ચુનો લગાવે તે પહેલા જ કૌભાંડ ધ્યાને આવી ગયુ**

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક આવેલા પ્રાંતિયા ગામના એક ખેડુતની પાંચ વિઘા જમીન પચાવી પાડવાનો કારસો ખોરજનાં એક શખ્સે ગામનાં જ એક શખ્સની સાથે મળીને રચ્યો હોવાનું ધ્યાને આવ્યુ છે. ખેડુતને કરોડોની જમીનનો ચુનો લગાવી દે તે પહેલા જ ખ્યાલ આવી જતા બોગસ બાનાખત તૈયાર કરી જમીન પચાવી પાડવાનો કારસો રચનાર બે શખ્સો સામે ડભોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે ઉંડી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક આવેલા પ્રાંતિયા ગામનાં ખેડુત અશોકભાઈ અંબાલાલ પટેલે ડભોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. અશોકભાઈએ ખોરજ ગામનાં ભરત નટવર પટેલ નામનાં શખ્સ પાસેથી અગાઉ ત્રણેક લાખ રુપિયા લીધા હતા. જે પૈકી અઢી લાખ રુપિયા પરત આપી દીધા હતા. આ લેવડ-દેવડમાં પ્રાંતિયા ગામનો જ શખ્સ જૈમિન ઘનશ્યામ પટેલ વચ્ચે રહ્યો હતો. રુપિયાની સિક્યુરિટી પેટે અશોકભાઈએ તેમની પાંચ વિઘા જમીનનો બાનાખત લખી આપ્યો હતો. આ બાનાખતનો બીજો બોગસ બાનાખત તૈયાર કરી ભરત અને જૈમિને મળીને અશોકભાઈની જમીન પચાવી પાડવાનો કારસો રચ્યો હતો. આ બાબત ધ્યાને આવતા ખેડુત અશોકભાઈએ બંને શખ્સો સામે ડભોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પી.એસ.આઈ એન.એમ.ચૌધરીએ આઈ.પી.સી કલમ ૪૦૬, ૪૨૦ અને ૧૧૪ મુજબ ગુનો નોંધી ગુનાની વધુ તપાસ આરંભી છે.

# કુડાસણ અને ટીંટોડા ગામે સરકારી આયુર્વેદ દવાખાનાનો પ્રારંભ




ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જિલ્લાના કુડાસણ ગામે રૂ. ૧૫ લાખ અને ટીંટોડા ગામે રૂ. ૨૫ લાખના ખર્ચે નિર્માણ પામેલ સરકારી આયુર્વેદ દવાખાનાનો પ્રારંભ થયો છે.

મહિલા અને બાળ વિકાસ રાજય મંત્રી અને ગાંધીનગર જિલ્લા પ્રભારી મંત્રી શ્રી ડૉ. નિર્મલાબેન વાધવાણીએ જણાવ્યું હતું કે, આ દવાખાનાની આસપાસના ૨૦ જેટલા ગામોના એક લાખથી વધુ લોકોને સરકારી દવાખાના દ્વારા આયુર્વેદ પધ્ધતિની તબીબી સેવાઓનો લાભ મળશે. લાંબા ગાળાની બિમારીઓને મૂળમાંથી દૂર કરવા આયુર્વેદ સારવાર લાભદાયી છે. બિમારીઓનું પ્રમાણ ઘટાડવા અને ગ્રામ્ય સ્તરે સ્વચ્છતા રાખી યોગ અને કસરત નિયમિત કરવા મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

ટીંટોડા આયુર્વેદ દવાખાનાનું ઉદઘાટન વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોર અને જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રામાજી ઠાકોરના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આયુર્વેદ નિયામક શ્રી કંદર્પ દેસાઈ ઉપસ્થિત રહ્યાં હતાં. કુડાસણ ખાતે ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, જિલ્લા કલેકટર શ્રી સતીશભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.પી.દેસાઈ, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી કાળુજી ઠાકોર, જિલ્લા પંચાયત સદસ્ય શ્રી જયેશભાઈ ચૌધરી સહિત પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. સ્વાગત પ્રવચન જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રીમતી ભાવનાબેન પટેલે કર્યું હતું. બંને સરકારી આયુર્વેદ દવાખાના ખાતે ગ્રામજનો માટે આયુર્વેદ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગરમાં અતિ દુર્લભ ઓરિએન્ટલ સ્કોપ્સ આઉલ (ચુગ્ગડ) પ્રકારનું ઘુવડ નોંધાયું



ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરમાં વન વિસ્તાર અઢળક છે. અહીં ઘણા બધા પંખીઓની જાતિ નિવાસ અને વિહાર કરતી જણાયેલ છે. જેમાં અકલ્પનીય હોય તેવા વન્ય જીવો પણ વિહરતા હોય છે.

આવો એક કિસ્સો ગુજરાત રાજયના પાટનગર ગાંધીનગરમાં જોવા મળ્યો છે. ગાંધીનગરના શહેરી વિસ્તારમાં તા. ૨૨-૧૧-૨૦૧૬ના રોજ રાત્રિના સમયે અતિદુર્લભ એવુ ઘુવડની જાતિ ઓરિએન્ટલ સ્કોપ્સ આઉલ (ચુગ્ગડ) રાખોડી કલરનું (ગ્રે મોર્ફ) ગાંધીનગરના પ્રકૃતિ તેમજ પક્ષી પ્રેમી મિત્રો શ્રી જીજ્ઞેશ જાની, શ્રી તીર્થરાજસિંહ જાડેજા, શ્રી પંકજ પરમાર તેમજ વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર શ્રી અમિત ગોડ દ્વારા નરી આંખે જોતા આ લોકો આશ્ચર્યમાં પડી ગયા તેઓએ આ અત્યંત દુર્લભ એવી જાતિના ઘુવડને પોતાના કેમેરામાં કંડારી લીધું હતું.

અતિ દુર્લભ એવું આ ઓરિએન્ટલ સ્કોપ્સ આઉલ (ચુગ્ગડ) ગુજરાતમાં ભાગ્યે જ જોવા મળે છે. ઘુવડનું કદ માત્ર ૧૯ સે.મી.થી ૨૩ સે.મી. હોય છે. રાત્રિ દરમિયાન શિકાર પ્રવૃત્તિ કરતા હોવાના કારણે આંખો મોટી અને પીળા રંગની હોય છે.

ઓટસ સૂનિયાના આ સાયન્ટિફિક નામથી પ્રસિધ્ધ એવું અતિ દુર્લભ એવું ઘુવડ ગુજરાત રાજયના પટનગર ગાંધીનગરના શહેરી વિસ્તારમાં નજરે પડત પ્રકૃતિ પ્રેમીઓને આશ્ચર્ય પમાડે તેવી ઘટના સામે આવી છે.

પાટનગરમાં દુર્લભ ઘુવડ નોંધનાર મિત્રો ગાંધીનગર તથા આસપાસના વિસ્તારોમાં આવેલ વન્ય જીવોના અવલોકન દિવસ રાત કરતા હોય છે. તેઓ ગાંધીનગરમાં વન્યજીવોની બચાવ કામગીરી જેવી સેવાઓ પણ આપે છે. તેઓના વન્યજીવોના બચાવ તેમજ અવલોકનને કારણે જ આ અતિ દુર્લભ ઘટના તેઓને નિહાળવા મળી છે. આવી દુર્લભ ઘુવડ જોઈ તેઓ પણ આશ્ચર્ય ઉપરાંત ખુશીની લાગણી અનુભવે છે. ઉલ્લેખનીય છે કે આ જાતિનું ઘુવડ વર્ષો પહેલા અમરેલી જિલ્લામાં તેમજ વર્ષ ૨૦૧૪માં શહેરના પુનીતવન ખાતે જોવા મળ્યું હતું.

## ખાનગી ડીલરો પાસેથી બિયારણ ખરીદી કરવા જુની નોટોની છુટ આપો


કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલ નોટબંધીના પગલે દેશભરના ખેડૂતોને બિયારણ, ખાતર, પશુઆહાર વગેરે ખરીદવામાં ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો હતો. આ કારણે ગુજરાત સ્ટેટ સીડસ પ્રોડયુસર્સ એસોસિએશન દ્વારા વડાપ્રધાન, નાણામંત્રી અને કૃષિમંત્રીને પત્ર લખી રજૂઆત કરવામાં આવતા સરકારે ખેડૂતોને કેન્દ્ર તથા રાજય સરકારની સરકારી દુકાનો પરથી બિયારણ, ખાતર અને પશુઆહાર વગેરેની ખરીદીમાં જુની ૫૦૦/૧૦૦૦ની ચલણી નોટો સ્વીકારવાનો નિર્ણય લીધો હતો જેને એસોસિએશને વધાવ્યો છે. જો કે આ સાથે એસોસિએશને ખાનગી બિયારણ કંપની દ્વારા કરાતા બિયારણના વેચાણનો હિસ્સો બજારમાં ૬૫ થી ૭૦ ટકા હોવાથી ખાનગી ડીલરો પાસેથી પણ ખેડૂતોની જુની ૫૦૦/૧૦૦૦ની ચલણી નોટો સ્વીકારવાની છુટ આપવા પુનઃ રજુઆત કરી છે.

# રેન્જ આઈજીપીની સ્કવોર્ડે ચંદ્રાલા પાસેથી દારૂ ભરેલી ગાડી પકડી

**ચિલોડા પોલીસ ઉંઘતી ઝડપાઈ: દારૂ-બિયરની પેટીઓ સહિત સાત લાખનો મુદ્દામાલ જપ્ત : ડ્રાઈવર ફરાર**

ગાંધીનગર, તા.૨૩

હિંમતનગર-ચિલોડા હાઈવે પરથી વિદેશી દારુ-બિયરનો જથ્થો ભરેલી ગાડી પસાર થઈ રહી હોવાની ચોક્કસ બાતમી મળતા રેન્જ આઈજીપી આર.બી.બ્રહ્મભટ્ટની સ્કવોર્ડે ગઈ મોડી સાંજે વોચ ગોઠવીને સ્વિફ્ટ ડીઝાયર ગાડી પકડી પાડી હતી. પોલીસને જોઈને અંધારાનો લાભ લઈ દારુ-બિયરની હેરાફેરી કરનાર શખ્સ રફ્ફુચક્કર થઈ ગયો હતો. ગાડીમાં તપાસ કરતા અંદરથી ૨૫૪ નંગ વિદેશી દારુની બોટલ તથા ૩૭૨ નંગ બિયરનાં ટીનનો જથ્થો મળી આવ્યો હતો. આર.આર.સેલે દારુ-બિયરનો જથ્થો તથા ગાડી મળી સાત લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી છે. હેરાફેરી કરનાર શખ્સ અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. ઉંઘતી ઝડપાયેલી ચિલોડા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.




ગાંધીનગર રેન્જ આઈજીપી આર.બી.બ્રહ્મભટ્ટની સ્કવોર્ડ આર.આર.સેલનાં પી.એસ.આઈ વી.યુ.ગડરિયા તથા તેમની ટીમે ચિલોડા પોલીસને ઉંઘતી ઝડપી હતી. ચિલોડા હાઈવે પરથી વિદેશી દારુ-બિયરનો જથ્થો ભરેલી ગાડી નિકળતી હતી અને દારુની હેરાફેરી અંગે ચિલોડા પોલીસ અજાણ હતી. ચોક્કસ બાતમીને આધારે વી.યુ.ગડરીયા તથા તેમની ટીમે ચંદ્રાલા ગામનાં પાટીયા પાસે વોચ ગોઠવીને ગાડી પકડી પાડી હતી. અંધારામાં બુટલેગર ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. તો બીજી તરફ ગાડીની ડેક્કીમાં તપાસ કરતા અંદરથી દારુ બિયરની પેટીઓ મળી આવી હતી. આર.આર.સેલે ૨૫૮ વિદેશી દારુની બોટલ્સ તથા ૩૭૨ બિયરના ટીન મળી કુલ રૂ.૯૭,૩૦૦ ની કિંમતનો દારુ-બિયરનો જથ્થો તથા ગાડી મળી કુલ રૂ.૬,૯૭,૩૦૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ચિલોડા પોલીસને સોંપ્યો છે. ચિલોડા પોલીસે ગુનો દાખલ કરીને આ ગુનાની વધુ તપાસ શરુ કરી છે.